જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦

**તા.૨૯/૦૮/૨૦૨૦ શનિવાર**

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં**
**આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-** **સમાચાર યાદી નં.૧૪૬૦/૨૦૨૦**

**Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૨૮/૦૮/૨૦૨૦ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.**

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

| અ.નં | ગુન્હાનો પ્રકાર | નોધાયેલ FIR ની સંખ્યા | | | અટક કરેલ આરોપીની સંખ્યા | | |
|---|---|---|---|---|---|---|---|
| | | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ |
| ૧ | કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951 | ૧૦૩૭૫ | ૧ | ૧૦૩૭૬ | ૧૬૪૭૩ | ૨ | ૧૬૪૭૫ |
| ૨ | કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005 | ૪૩૩૭ | ૧ | ૪૩૩૮ | ૫૮૫૨ | ૦ | ૫૮૫૨ |
| 3 | કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો) | ૪૫ | ૦ | ૪૫ | ૨૧૯ | ૦ | ૨૧૯ |
| ૪ | Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ | ૧૪૦૮૬ | ૨ | ૧૪૦૮૮ | ૧૪૭૭૧ | ૨૦ | ૧૪૭૯૧ |
| | કુલ | ૨૮૮૪૩ | ૪ | ૨૮૮૪૭ | ૩૭૩૧૫ | ૨૨ | ૩૭૩૩૭ |

| પત્રક-૨ | | | |
|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા | MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૧૦૬ | ૯,૨૬,૨૦૦/- |

| પત્રક-3 | | | |
|---|---|---|---|
| જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૧૭૪ | ૧,૭૪,000/- |

# <u>ચોરીના ગુનાના આરોપીની અટકાયતની વિગત</u>

**<u>ઓઢવ પોલીસ સ્ટેશન :</u>**

## <u>અનડિટેક્ટ મિલ્કત સબંધી ગુના શોધી કાઢતી ઓઢવ પોલીસ સ્ટેશન પોલીસ</u>

મે. પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર તથા સંયુક્ત પોલીસ કમિશ્નર શ્રી સેક્ટર-૨ અમદાવાદ શહેર તથા નાયબ પોલીસ કમિશ્નર ઝોન-૫ શ્રી તથા મદદનિશ પોલીસ કમિશ્નર “આઈ” ડીવીજન શ્રી નાઓની સુચના તથા માર્ગદર્શન હેઠળ અમો આર.જી.જાડેજા પોલીસ ઇન્સ્પેક્ટર ઓઢવ પોલીસ સ્ટેશન નાઓએ મિલ્કત સબંધી ગુના ડિટેક્ટ કરવા સારૂ આપેલ સુચના આધારે સર્વેલન્સના સ્કોર્ડના નીચે જણાવેલ સ્ટાફ મારફતે ઓઢવ પો.સ્ટેશન એ/૧૧૧૯૧૦૩૭૨૦૦૨૬૪/૨૦ ઇ.પી.કો કલમ ૩૭૯(એ)(૩) મુજબના ગુનાના કામે ચોરાયેલ મો.ફોન કિ.રૂ.૩૦,૦૦૦/ ના મત્તાના મુદ્દામાલ મુદ્દામાલ સાથે નીચે જણાવેલ આરોપીને તા.૨૮/૦૮/૨૦ ના ક.૨૦/૩૦ વાગે બાતમી હકીકત આધારે ઓઢવ સોનીની ચાલી બ્રિજની નીચેથી પકડાઇ જતા કાયદેસરની કાર્યવાહી કરી મિલ્કત સબંધી અનડિટેક્ટ ગુનો શોધી ડિટેક્ટ કરી સારી પ્રશંસનીય કામગીરી કરવામાં આવેલ છે. તા-૨૮/૦૮/૨૦૨૦.

<u>→ આરોપીનુ નામ-સરનામા:</u>

મોઇનખાન ઉર્ફે મોનુ ઉર્ફે છોટા સ/ઓ ફીરોઝખાન મઝરખાન જાતે પઠાણ ઉ.વ.૨૨ રહે.મ.નં-૧૦૭/૧૮૫૯, સુંદરમનગર ગરીબ નવાઝા મસ્જીદની પાછળ, મણીયાર ટેલરની પાછળ, બાપુનગર, અ’વાદ શહેર મુળવતન: ગામ-કાયગંજ, જી-કઠરા, ઉત્તરપ્રદેશ

<u>→ કામગીરી કરનાર અધિકારી/કર્મચારી:</u>

પો.સબ.ઇન્સ આર.એ.ઝાલા, અ.હેડ.કોન્સ ચન્દ્રસિંહ લાખુભા બ.નં-૫૮૮૯, પો.કો અતુલભાઇ સુખરામભાઇ બ.નં-૮૬૦૬, લોકરક્ષક રાજુભાઇ રાહાભાઇ બ.નં-૧૦૫૮, લોકરક્ષક જયેશભાઇ પાલાભાઇ બ.નં-૧૩૮૦

<u>→ બાતમી આપનાર અધિકારી/કર્મચારી:</u>

પો.કો અતુલભાઇ સુખરામભાઇ તથા લોકરક્ષક રાજુભાઇ રાહાભાઇ

## ઘાટલોડીયા પોલીસ સ્ટેશન :

### વાહન ચોરીના આરોપીઓને મુદામાલ સાથે પકડી ગુના શોધવામાં આવ્યા

શ્રી સંજય શ્રીવાસ્તવ સાહેબ, પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર નાઓના હુકમથી તથા શ્રી આર.વી.અસારી સાહેબ સંયુક્ત પોલીસ કમિશ્નરશ્રી સેકટર-૧ તથા શ્રી ડો. રવિન્દ્ર પટેલ સાહેબ નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૧ તથા I/C મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી " એ" ડીવીઝન શ્રી એલ. બી. ઝાલા સાહેબ નાઓની સુચના અને માર્ગદર્શન હેઠળ પોલીસ સ્ટેશન વિસ્તારમાં મિલ્કત સંબધી ગુનાઓ અટકાવવા તથા ડીટેકટ કરવા કરેલ હુકમ આધારે સીનીયર પોલીસ ઇન્સ્પેક્ટર વાય.આર. વાઘેલાનાઓના સુપરવિઝન હેઠળ ઘાટલોડીયા પોલીસ સર્વેલન્સ સ્કોડ પો.સ.ઈ. પી.આર.ગામીત તથા સ્ટાફના માણસો પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા દરમ્યાન અનાર્મ પો.કોન્સ. રાજુભાઇ લલ્લુભાઇ બ.નં-૭૨૩૯ તથા અનાર્મ લોકરક્ષક હરદીપસિંહ ઉપેન્દ્રસિંહ બ.નં-૯૨૫ નાઓને મળેલ ખાનગી બાતમી આધારે વાહનચોરીના ગુનાઓ આચરેલ આરોપીઓને ચોરીના વાહનો સાથે પકડી પાડી કુલ-૧ ગુનાઓનો ભેદ ઉકેલતી ઘાટલોડીયા પોલીસ.

મુદામાલ : હિરો સ્પ્લેન્ડર મો.સા.– ૧ કિ.રૂ-૨૫૦૦૦/-

આરોપી:

નં(૧) હરગોવનભાઇ તેજાભાઇ રબારી ઉ.વ.૪૩ ધંધો-ડ્રાઇવીંગ રહે-મ.નં-૧૧૦૬/૩૩, વ્રજનગરી ઔડાના મકાનમાં, આણંદનગર રોડ, આનંદનગર, અમદાવાદ શહેર મુળ વતન ગામ-વડુ તા-સરસ્વતી જી-પાટણ નં-(૨)ધનપાલ સ/ઓ મુલચંદ્ર કુબેરભાઇ પરમાર ઉ.વ.૨૦ (જ.તા-૦૧/૦૧/૨૦૦૦) ધંધો-રીક્ષા ડ્રાઇવીંગ રહે-રૂમ નં-૨૭, ચમનભાઇ દેસાઇના મકાનમાં, રબારીવાસ, ગોપાલનગર, વાળીનાથચોક, મેમનગર, અમદાવાદ શહેર મુળ વતન ગામ-પાલ માંડવ તા-દૌડા જી-ડુંગરપુર થાના-દૌડા રાજસ્થાન

શોધાયેલ ગુના:

(૧) આનંદનગર પોલીસ સ્ટેશન એ-ગુ.ર.નં-૧૧૧૯૧૦૦૧૨૦૦૬૩૩/૨૦૨૦ ઇપીકો કલમ ૩૭૯, ૧૧૪ મુજબ

આ કામગીરીમા સુપરવીઝન વાય.આર.વાઘેલા પોલીસ ઈન્સ્પેકટર તથા પો.સ.ઇ. પી.આર.ગામીત તથા સ્ટાફના અનાર્મ હે.કોન્સ. અમીતકુમાર ગણેશભાઇ બ.નં-૪૫૯૬ તથા અનાર્મ હે.કોન્સ. જીવણભાઇ મેઘજીભાઇ બ.નં-૭૫૫૦ તથા અનાર્મ પો.કો. લાભુભાઇ ગાંડાભાઇ બ.નં-૯૯૨૧ તથા અનાર્મ પો.કો. બળવંતસિંહ કનુભા બ.નં-૬૦૪૭ તથા અનાર્મ પો.કોન્સ. રાજુભાઇ લલ્લુભાઇ બ.નં-૭૨૩૯ તથા અનાર્મ લોકરક્ષક હરદીપસિંહ ઉપેન્દ્રસિંહ બ.નં-૯૨૫ તથા અનાર્મ લોકરક્ષક સંજયભાઇ નાનુભાઇ બ.નં-૬૧૧૮ નોકરી ઘાટલોડીયા પોલીસ સ્ટેશનના જોડાયેલા હતા.

# પ્રોહીબીશનના ગુનાના આરોપીની અટકાયતની વિગત

**નારોલ પોલીસ સ્ટેશન :-**

## ભારતીય બનાવટના વિદેશી દારૂની ૧૮૦ મીલીની કાચની સીલબંધ બોટલ નંગ-૧૩૪૪ કિ.રૂ.૧૩૮૪૦૦/- ની મત્તાના મુદ્દામાલ સાથે બે આરોપીઓને પકડી વિદેશીદારૂનો ગણનાપાત્રકેસ શોધી કાઢતી નારોલ પોલીસ

મે.સંજય શ્રીવાસ્તવ સાહેબ પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા ગૌતમ પરમાર સાહેબ અધિક પોલીસ કમિશ્નરશ્રી સેકટર-૨ અમદાવાદ શહેર તથા એ.એમ.મુનીયા સાહેબ નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૬ અમદાવાદ શહેર તથા મિલાપ પટેલ સાહેબ મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી “કે” ડીવીજન અમદાવાદ શહેરનાઓની સુચના તથા માર્ગદર્શન હેઠળ પોલીસ ઈન્સપેકટર શ્રી એસ.એ.ગોહિલ સાહેબ નાઓએ પ્રોહી તથા જુગારની પ્રવૃતિ સદંતર નેસ્તનાબુદ કરવા આપેલ સુચના આધારે આજરોજ અ.મ.સ.ઈ.અમૃતજી અળખાજી તથા બીજા સ્ટાફના માણસો પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા દરમ્યાન અનાર્મ પો.કો.વિજયસિંહ લાખુભા બ.નં.૬૧૭૯ તથા અ.પો.કો.ઈન્દ્રજીતસિંહ પરબતસિંહ બ.નં.૯૯૫૮ નાઓને સંયુકત રીતે બાતમી હકિકત મળેલ કે “ શ્રીનાથ એસ્ટેટ પાસે આવેલ છાપરામાં રહેતો વિનોદ રમેશભાઈ દંતાણી નામનો ઈસમ તેના મળતીયા માણસ સાથે રાખી પોતાના ઘરમાં કેટલોક ભારતીય બનાવટના વિદેશીદારુના કવાર્ટરનો જથ્થો સંતાડી મુકી રાખી ચોરીછુપીથી વેચાણ કરે છે. અને હાલમાં પ્રવૃતિ ચાલુ છે. ” જે બાતમી હકીકત આધારે રેઈડ કરતાં આરોપીઓ (૧) વિનોદભાઈ રમેશભાઈ જાતે દંતાણી ઉ.વ.૩૮ ધંધો-છુટક મજુરી રહે-શ્રીનાથ એસ્ટેટ પાસે આવેલ છાપરામાં કાદમાવાલા ફેકટરી પાછળ નારોલ અમદાવાદ શહેર તથા (૨´બળદેવભાઈ શકરાભાઈ જાતે દંતાણી ઉ.વ.૪૯ ધંધો-છુટક મજુરી રહે-આંબા તલાવડીના છાપરામાં કાદમાવાલા કંપાઉન્ડ પાછળ નારોલ અમદાવાદ શહેરના મકાનમાંથી ભારતીય બનાવટના વિદેશી દારુની ૧૮૦ મીલીની કાચની સીલબંધ બોટલ નંગ.૧૩૪૪ કિ.રૂ.૧૩૪૪૦૦/- તથા મોબાઈલ ફોન નંગ.૦૧ કિ.રૂ.૪૦૦૦/- મળી કુલ્લે કિ.રૂ.૧૩૮૪૦૦/- ની મત્તાનો મુદ્દામાલ મળી આવતા તપાસ અર્થે કબ્જે કરી બંન્ને આરોપીઓ વિરુધ્ધમાં કાયદેસરની કાર્યવાહી કરી નારોલ પોલીસ સ્ટેશન પાર્ટ સી ગુ.ર.નં.૧૧૧૯૧૦૬૫૨૦૦૭૮૦/૨૦૨૦ ધી પ્રોહી એક્ટ કલમ ૬૫(એ)(ઇ), ૬૬(બી), ૧૧૬(બી), ૮૧ મુજબનો ગુનો રજીસ્ટર કરી વિદેશીદારુનો ગણનાપાત્ર કેસ શોધી કાઢી પ્રશંસનીય કામગીરી કરેલ છે. તા-૨૮/૦૮/૨૦૨૦

## કામગીરી કરનાર અધિકારી/કર્મચારીઓ :-

(૧)અ.મ.સ.ઈ.અમૃતજી અળખાજી બ.નં.૫૫૬૨

(૨)અ.હે.કો.મહેન્દ્રસિંહ બળવંતસિંહ બ.નં.૩૮૬૭

(૩)અ.પો.કો.વિજયસિંહ લાખુભા બ.નં.૬૧૭૯

(૪)અ.પો.કો..ઈન્દ્રજીતસિંહ પરબતસિંહ બ.નં.૯૯૫૮

(૫)અ.પો.કો.અસ્લમબેગ નશરુબેગ બ.નં.૫૪૨૩

(૬)અ.પો.કો.ધર્મવિજયરાજસિંહ મેઘરાજસિંહ બ.નં.૫૯૧૮

(૭)અ.પો.કો.હરદીપસિંહ વિજયસિંહ બ.નં.૧૧૮૭

(૮)અ.પો.કો.ઈન્દ્રજીતસિંહ મહોબતસિંહ બ.નં.૬૩૯૮

## આરોપીનો ફોટો :-



# જુગારના ગુનાના આરોપીની અટકાયતની વિગત

## કાગડાપીઠ પોલીસ સ્ટેશન :-

### પોતાના આર્થીક ફાયદા સારૂ બહારથી માણસો બોલાવી નાંણા ઉઘરાવી જુદા જુદા કલરના ટોકન સાથે જુગાર રમતા છ ઇસમોને પકડી જુગારનો ગણનાપાત્ર કેસ શોધી કાઢતી કાગડાપીઠ પોલીસ

મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નરશ્રી સેકટર-૨ તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૬ અમદાવાદ શહેર તથા મદદનીશ પોલીસ કમીશ્નરશ્રી “કે” ડીવીઝન સાહેબ નાઓ તરફથી અવાર નવાર પ્રોહી/જુગારની ગેરકાયદેસરની પ્રવૃતિ નેસ્તનાબુદ કરવા માટેની સુચનાઓ મળતી હોય અને જુગારના કેસો શોધી કાઢવા પોલીસ ઇન્સપેકટરશ્રી એમ.એ.સિંહ નાઓના સીધા માર્ગદર્શન અને સુચના મુજબ સર્વેલન્સ સ્કોર્ડના પો.સ.ઇ.શ્રી પી.કે.ગોહિલ તથા સર્વેલન્સ સ્કોર્ડના માણસો સાથે તા.૨૭/૦૮/૨૦૨૦ ના કલાક ૧૬/૨૦ વાગે કાકરીયા રોડ વાણીજ્યભવન સર્કલ પાસે આવતા પો.સ.ઇ.શ્રી પી.કે.ગોહિલ નાઓને બાતમી હકીકત મળેલ કે "પ્રમોદભાઈ ઉર્ફે પ્રેમ ભગવતીપ્રસાદ સોલંકી રહે.ન્યુ રાધાકિશન સોસાયટી બોરડી મીલની ચાલી કાંકરીયા રોડ અમદાવાદ શહેર નાનો બહારથી માણસો બોલાવી પૈસા પાનાથી હારજીતનો જુગાર રમી રમાડી નાળ ઉઘરાવી પોતાના અંગત ફાયદા સારૂ પોતાના ઘરે જુગાર રમાડે છે" વિગેરે મતલબની બાતમી આધારે બાતમી હકીકતવાળી જગ્યાએ રેઇડ કરતા નીચે જણાવેલ આરોપીઓને પકડેલ છે.

(૧)પ્રમોદભાઈ ઉર્ફે પ્રેમ ભગવતીપ્રસાદ સોલંકી ઉ.વ.૪૧ રહે.મ.નં.૫૬/૬, ન્યુ રાધાકિશન સોસાયટી બોરડી મીલની ચાલી કાકરીયા રોડ અમદાવાદ શહેર

(૨)પુનમભાઈ ભયજીભાઈ ઠાકોર ઉ.વ.૪૮ રહે.ઘંટીવાળોવાસ વિસલપુર તા.દસ્ક્રોઈ જી.અમદાવાદ.

(૩) વિનોદભાઈ કેશવલાલ પરમાર ઉ.વ.૫૪ રહે.ધનજીભાઈ ની ચાલી મેઘાણીનગર અમદાવાદ

(૪) વિષ્ણુભાઈ શંકરભાઈ પટેલ ઉ.વ.૫૯ રહે.બી/૨૦૨ રતનરાજ સોસાયટી સરઘાસણ ચાર રસ્તા પાસે ગાંધીનગર.

(૫)પ્રહલાદભાઈ રામલાલ શાહ ઉ.વ.૫૪ રહે.ભાવસાર શેરી જૈન દેરાસરની બાજુમાં સરખેજ (૬) પ્રકાશભાઈ વિનોદભાઈ ઠાકોર ઉ.વ.૨૯ રહે.બોરડીમીલની ચાલી કાકરીયા રોડ

સદરી હકીકતવાળી જગ્યાએ આરોપી નં.૦૧ નાનો પોતાના અંગત આર્થિક ફાયદા સારૂ પોતાના ઘરે બહારથી માણસો બોલાવી ગંજીપાના તથા કોઇન (ટોકન) થી હારજીતનો જુગાર રમી રમાડતા રોકડ નાણા રૂપીયા ૪૫,૦૦૦/- તથા મોબાઇલ નંગ-૦૪ કિં.રૂ.૧૧,૦૦૦/- મળી કુલ્લે રૂ.૫૬,૦૦૦/- ના મુદ્દામાલ સાથે ૦૬ ઇસમો વિરૂધ્ધ કાગડાપીઠ પોલીસ સ્ટેશન ગુ.ર.નં.૧૧૧૯૧૦૨૫૨૦૧૧૨૦/૨૦૨૦ થી જુગાર ધારા કલમ ૪, ૫ મુજબનો ગુનો દાખલ કરી જુગારનો ગણનાપાત્ર કેસ શોધી કાઢવામા આવેલ છે.

# નાસતા ફરતા આરોપીની અટકાયતની વિગત

## કાગડાપીઠ પોલીસ સ્ટેશન :-

**(૧)**

### ભરૂચ જીલ્લાના ઝઘડીયા પોલીસ સ્ટેશનના ગુનામાં છેલ્લા બાર વર્ષથી નાસતા ફરતા આરોપીને પકડી પાડતી કાગડાપીઠ પોલીસ

અમદાવાદ શહેરમાં બનતા ગુનાઓ અટકાવવા તથા ગુના શોધી કાઢવા મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નરશ્રી સેકટર-૨ સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૬ અમદાવાદ શહેર તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી "કે" ડીવીઝન સાહેબ નાઓની સુચના મુજબ તેમજ અધિક પોલીસ કમિશ્નરશ્રી સેક્ટર-૨ અમદાવાદ શહેર નાઓએ હાલમાં નાસતા ફરતા આરોપીઓને શોધી કાઢવા અંગે ડ્રાઇવ રાખેલ હોય, જે ડ્રાઇવ અનુસંધાને સીનીયર પોલીસ ઇન્સપેકટરશ્રી એમ.એ.સિંહ તથા સેકન્ડ પોલીસ ઇન્સ્પેક્ટરશ્રી પી.કે.પટેલ નાઓના સીધા માર્ગદર્શન તથા સુચના મુજબ કાગડાપીઠ પોલીસ સ્ટેશનના સર્વેલન્સ સ્કોડના પો.સ.ઇ.શ્રી પી.કે.ગોહિલ તથા સ્ટાફના માણસો સાથે પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન ફરતા ફરતા કલાક ૨૨/૪૫ વાગે એસ.ટી.ગીતા મંદિર ચાર રસ્તા પાસે આવતા હે.કો.સંજયભાઈ દસરથભાઈ તથા પો.કો.સરદારસિંહ મહિપતસિંહ તથા પો.કો.યોગેન્દ્રસિંહ ખુમાનસિંહ નાઓને સંયુકત બાતમી હકિકત મળેલ કે, "ભરૂચ જીલ્લા ઝઘડીયા પો.સ્ટે.ફસ્ટ ગુ.ર.નં.૭૨/૨૦૦૮ ધી ઇપીકો કલમ-૩૨૩, ૩૨૪, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ મુજબના ગુનાના કામનો સને-૨૦૦૮ થી નાસતો ફરતો વોન્ટેડ આરોપી કે જેણે શરીરે આછા વાદળી કલરનો લાઇનીંગ વાળો શર્ટ તથા બ્લ્યુ જીન્સ પેન્ટ પહેરેલ છે તે ઇસમ હાલમાં ગીતા મંદિર એસ.ટી.બસ સ્ટેન્ડની બહાર સોમનાથ ટી સ્ટોલ પાસે હાજર છે વિગેરે મતલબની બાતમી હકિકત આધારે સદરી વોન્ટેડ આરોપી કમલેશભાઇ સ/ઓ ભઇલાલભાઇ ચુનીલાલ વસાવા ઉ.વ.૨૨ ધંધો.મજુરી રહે.લીલાભાઇ રબારીના ખેતરમાં ગામ-હરીયાળા તા.મહેમદાવાદ જી.ખેડા મુળ વતન ગામ-લીમોદરા નવી વસાહત સુકામણા ફળીયુ તા.ઝઘડીયા જી.ભરૂચ નાનો મળી આવતા સદરી આરોપીને આજરોજ તા.૨૭/૦૮/૨૦૨૦ ના રોજ પકડી ભરૂચ જીલ્લા ઝઘડીયા પો.સ્ટે.ફસ્ટ ગુ.ર.નં.૭૨/૨૦૦૮ ધી ઇપીકો કલમ-૩૨૩, ૩૨૪, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ મુજબના ગુનાના કામે શોધી છેલ્લા બાર વર્ષથી નાસતો ફરતો આરોપી પકડી ઉપરોક્ત ગુનો શોધી કાઢી આરોપી વિરૂધ્ધમાં ધોરણસર કાર્યવાહિ કરી ભરૂચ જીલ્લા ઝઘડીયા પો.સ્ટે.ને સોંપેલ છે.



**(૨)**

## વટવા પોલીસ સ્ટેશનના પ્રોહિબિશનના ગુનાના કામે સંડોવાયેલ આરોપીઓને પકડી પાડતી કાગડાપીઠ પોલીસ

અમદાવાદ શહેરમાં બનતા ગુનાઓ અટકાવવા તથા ગુના શોધી કાઢવા મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નરશ્રી સેકટર-૨ સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૬ અમદાવાદ શહેર તથા મદદનીશ પોલીસ કમીશ્નરશ્રી "કે" ડીવીઝન સાહેબ નાઓ તરફથી અવાર નવાર સુચનાઓ મળતી હોય જે સુચના આધારે પોલીસ ઇન્સપેકટરશ્રી એમ.એ.સિંહ નાઓના સીધા માર્ગદર્શન અને સુચના મુજબ સર્વેલન્સ સ્કોર્ડના પો.સ.ઇ.શ્રી પી.કે.ગોહિલ તથા સર્વેલન્સ સ્કોર્ડના માણસો પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન રાયપુર દરવાજા બહાર શ્રી રામ ચા ઘર પાસે આવતા સાથેના પો.કો.રવિરાજસિહ ચતુરસિહ તથા પો.કો.કૃણાલભાઈ દિનેશભાઈ નાઓએ સંયુકત બાતમી હકિકત આપેલ કે, "વટવા પો.સ્ટે ગુ.ર.નં-૧૧૧૯૧૦૩૮૨૦૦૮૪૮/૨૦૨૦ ધી પ્રોહી એક્ટ કલમ-૬૬(બી), ૬૫(ઇ), ૮૧, ૯૮(૨) મુજબના ગુનાના કામનો વોન્ટેડ આરોપીઓ નામે (૧) અનિલ ઉર્ફે ખઉખઉ ચુનારા તથા (૨) ભારતીબેન ઉર્ફે રેમ્બો ચુનારા બન્ને રહે.અંકુરમીલની ગલી ગીતા મંદિર એસ.ટી.બસ સ્ટેન્ડની પાછળ કંટોડીયાવાસ બીગબજારની સામે અમદાવાદ શહેર નાઓ હાલમાં પોતાના ઘરે હાજર છે વિગેરે મતલબની બાતમી હકિકત સદરી જગ્યાએ જઇ વોચ કરી આરોપીઓ (૧) અનિલ ઉર્ફે ખઉખઉ ઉર્ફે મોન્ટુ દિપકભાઇ ચુનારા ઉ.વ.૨૬ રહે.એસ.ટી.વાળી ગલી, ચુનારાવાસ વિજય ગેસ્ટ હાઉસની સામે રાયપુર દરવાજા બહાર અમદાવાદ શહેર તથા (૨) ભારતીબેન ઉર્ફે રેમ્બો નર્મદાશંકર જાતે.ઠાકર ઉ.વ.૪૦ રહે.એસ.ટી.વાળી ગલી, ચુનારાવાસ વિજય ગેસ્ટ હાઉસની સામે રાયપુર દરવાજા બહાર અમદાવાદ શહેર નાઓ મળી આવતા સદરી આરોપીઓને આજરોજ તા.૨૫/૦૮/૨૦૨૦ ના રોજ પકડી વટવા પો.સ્ટે ગુ.ર.નં.૧૧૧૯૧૦૩૮૨૦ ૦૮૪૮/૨૦૨૦ ધી પ્રોહી એક્ટ કલમ-૬૬(બી), ૬૫(ઇ), ૮૧, ૯૮(૨) મુજબના ગુનાના કામે સંડોવાયેલ આરોપીઓની વિરૂધ્ધમાં ધોરણસર કાર્યવાહિ કરી વટવા પોલીસ સ્ટેશન ખાતે સોંપેલ છે.

**ખાડીયા પોલીસ સ્ટેશન :-**

## છેલ્લા ત્રણેક માસથી પેરોલ જમ્પ કરી નાસતા ફરતા પાકા કામના કેદીને ઝડપી પાડતી ખાડીયા પોલીસ

મહે.પોલીસ કમિશ્નર સાહેબ અમદાવાદ શહેર તથા અધીક પોલીસ કમિશ્નરશ્રી સેકટર-૧ સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-03 સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી "ઇ" ડીવીઝન તથા પોલીસ ઇન્સપેકટરશ્રી પી.ડી.સોલંકી સાહેબ ખાડીયા પોલીસ સ્ટેશન નાઓ તરફથી નાસતા ફરતા તથા પેરોલ/ફર્લો વચગાળાના જામીન જમ્પ થયેલ આરોપીઓને પકડવા સારૂ સુચનાઓ મળેલ જે અન્વયે સીનીયર પોલીસ ઇન્સપેક્ટર શ્રી પી.ડી.સોલંકી ખાડીયા પોલીસ સ્ટેશન અમદાવાદ શહેરનાઓના માર્ગદર્શન અને સુચના મુજબ સર્વેલન્સ સ્કોડના અનાર્મ હેડ કોન્સ. ભાગ્યદિપ મહેશકુમાર બ.નં.૮૫૨૨ તથા અ.પો.કો.જગદીશભાઇ જેઠાભાઇ બ.નં-૬૯૬૧ અ.પો.કો.ધ્રુવરાજસિંહ અશોકસિંહ બ.નં.૮૭૯૨ તથા અ.લો.ર. વિકાષ હસમુખભાઇ બ.નં. ૧૨૮૯૨ તથા અ.પો.કો કુંદનભાઇ ભરતભાઇ બ.નં.૯૩૯૭ નાઓ પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન અનાર્મ હેડ કોન્સ. ભાગ્યદિપ મહેશકુમાર તથા અ.પો.કો.જગદીશભાઇ જેઠાભાઇ બ.નં-૬૯૬૧ નાઓને મળેલ બાતમી હકીકત આધારે પાકા કામના કેદી **નં. ક-/૫૮૩૪ શીવરાજજી પોપટજી જાતે વાઘેલા ઉ.વ.૪૯ રહે- સરગાસણ ગામ ગાંધીનગર**નાની તેના બતાવેલ સરનામે જઇ તેના ઘરે તપાસ કરતા સદરી પાકા કામનો કેદી તેના ઘરે હાજર મળી આવતા સદરીને ઝડપી લેવામાં આવેલ અને સદરી ઇસમની પુછપરછ કરતા તે ઇન્ફોસીટી પોલીસ સ્ટેશન સેક્ટર -૦૭ ગાંધીનગર માં ચીટીંગના ગુનામાં પકડાયેલ અને અને આ ગુનામાં સાબરમતી જેલમાં પાકા કામના કેદી તરીકે સજા ભોગવતો હતો અને તા.૨૩/૦૫/૨૦૨૦ ના રોજ પેરોલ રજા ઉપર છુટેલ હતો અને તા.૨૩/૦૬/૨૦૨૦ ના રોજ પરત સેન્ટ્રલ જેલ ખાતે હાજર નહી થઇ ત્રણેક મહીનાથી નાસતો ફરતો હોવાની હકીકત જણાવેલ જેથી સદરી પાકા કામના કેદીને તા. ૨૭/૦૮/૨૦૨૦ ના રોજ ઝડપી લઇ કોવીડ – ૧૯ નો ટેસ્ટ રીપોર્ટ કરાવવા તેમજ અમદાવાદ સાબરમતી મધ્યસ્થ જેલ ખાતે મોકલી આપવા તજવીજ હાથ ધરવામાં આવેલ છે. તા. ૨૮/૦૮/૨૦૨૦.



## નારોલ પોલીસ સ્ટેશન :-

**(૧)**

### નારોલ પોલીસ સ્ટેશન સે.ગુ.ર.નં ૩૧૯૪/૨૦૧૮ ધી ઇ.પી.કો કલમ ૫૦૭ મુજબના ગુનાના છેલ્લા બે વર્ષથી નાસ્તા ફરતા આરોપીને પકડી પાડતી નારોલ પોલીસ

મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તેમજ મે.અધિક પોલીસ કમિશ્નરશ્રી સેકટર-૨ સાહેબ તેમજ મે.નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૬ સાહેબ તેમજ મે મદદનીશ પોલીસ કમિશર શ્રી " કે " ડીવીઝન સાહેબ નાઓ તરફ થી અવાર નવાર નાસતા ફરતા/ વોન્ટેડ આરોપીઓ પકડાવાની સુચના મળતી હોય અને હાલમાં મે.અધિક પોલીસ કમિશ્નરશ્રી સેકટર-૨ સાહેબ નાઓ તરફ થી તા.૧૭/૦૮/૨૦૨૦ થી ૩૧/૦૮/૨૦૨૦ સુધી નાસતા ફરતા /વોંન્ટેડ આરોપીઓને શોધી પકડવાની ડ્રાઇવ રાખેલ હોય જે અનુંસંધાને નારોલ પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સપેકટર શ્રી એસ.એ.ગોહિલ સાહેબ સાહેબના સીધા માર્ગદર્શન અને સુચના મુજબ નારોલ ચોકીના પોલીસ સબ ઇન્સ્પેકટર શ્રી એસ.એ.ફુલધારા સાહેબ નાઓ નારોલ ચોકીના સ્ટાફના માણસો સાથે પેટ્રોલીંગમાં હતા દરમ્યાન લોકરક્ષક રાજેન્દ્રસિંહ દિલીપસિંહ નાઓને ખાનગી રાહે બાતમી હકીકત મળેલ કે નારોલ પોલીસ સ્ટેશન સે.ગુ.ર.નં ૩૧૯૪/૨૦૧૮ ધી ઇ.પી.કો કલમ ૫૦૭ મુજબના કામના છેલ્લા બે વર્ષથી નાસતા ફરતા આરોપી પ્રમરાટ ઉર્ફે પ્રણવ સ/ઓ કુમુદભાઇ કીકાણી ઉ.વ.૩૨ રહે. " ઓજસ " કીકાણી શેરી કાળા પાનાની સીડી પાસે જુનાગઢ નાઓને વટવા ઇસનપુર રોડ મુખીની વાડી પાસેથી પકડી પાડી પ્રસંશનીય કામગીરી કરેલ છે. તા.૨૮/૦૮/૨૦૨૦



કામગીરી કરનાર અધિકારી કર્મચારીઓ :-

પો.સ.ઇ એસ.એ.ફુલધારા
અ.હે.કો રમણભાઇ કોદરભાઇ
પો.કો રાજદિપસિંહ દિવાનભા
પો.કો અમરતભાઇ શીવાભાઇ
લોકરક્ષક રોહિતસિંહ રામસંગજી
લોકરક્ષક રાજેન્દ્રસિંહ દિલીપસિંહ (બાતમી મેળવનાર)
લોકરક્ષક અજયકુમાર વિરમભાઇ
લોકરક્ષક પંકજસિંહ ધનશ્યામસિંહ

## (૨)

## છેલ્લા બે વર્ષથી નારોલ પોલીસ સ્ટેશનના ૨(બે) ગુનાઓમાં પોલીસ પકડથી ભાગતા ફરતા આરોપીને પકડી પાડતી નારોલ પોલીસ

મે. પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા સંયુક્ત પોલીસ કમિશ્નરશ્રી સેકટર – ૨ અમદાવાદ શહેર તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૬ અમદાવાદ શહેર તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી કે ડીવીજન અમદાવાદ શહેર નાઓની સુચના તથા માર્ગદર્શન આધારે નાસતા ફરતા વોન્ટેડ આરોપીઓને પકડી પાડવા સઘન ડ્રાઇવ રાખેલ હોય જે અનુસંધાને નારોલ પોલીસ સ્ટેશનમાં દાખલ થયેલ (૧) નારોલ પો.સ્ટે. ફ.ગુ.ર.નં.૨૬૬/૧૮ ઇ.પી.કો. કલમ ૪૦૬,૪૨૦,૪૬૫,૪૬૭,૪૬૮,૪૭૧,૧૨૦ બી મુજબ તથા નારોલ પોલીસ સ્ટેશન ફ.ગુ.ર.નં. ૮૩/૨૦૧૯ ધી ઈ.પી.કો. કલમ ૪૦૬, ૪૨૦, ૪૬૫, ૪૬૭, ૪૬૮, ૪૭૧, ૧૨૦(બી) તથા ઈન્ફોર્મેશન ટેકનોલોજી એકટ ૨૦૦૫ ની કલમ ૬૬(સી)(ડી) મુજબના કામનો આરોપી અલ્પેશ મહેન્દ્રસિંહ તોમર ઉ.વ. ૩૦ રહે, બી/૧૪ સાકાર ટેનામેન્ટ તક્ષશિલા વિદ્યાલય ઉમિયાનગર પાસે વસ્ત્રાલ અમદાવાદ શહેર નાનો છેલ્લા બે વર્ષ થી ઉપરોક્ત ગુનાઓમાં પોલીસ પકડથી ભાગતા ફરતો હોય આરોપીની ખાનગીરાહે બાતમી હકિકત મેળવી પોલીસ સ્ટાફની અલગ અલગ ટીમો બનાવી તપાસ કરતા સદરી આરોપી મળી આરોપી વિરૂદ્ધ હાલમાં ચાલી રહેલ કોરોના વાયરસ મહામારી અનુસંધાને નામદાર કોર્ટની ગાઇડલાઇન મુજબ પ્રથમ કોરોના અંગેની સારવાર કરાવવી જરૂરી હોય કોરોના અંગેનો રીપોર્ટ આજરોજ સિવિલ હોસ્પિટલ અમદાવાદ ખાતેથી નેગેટીવ આવતા તા. ૨૮/૦૮/૨૦૨૦ ના કલાક – ૧૭/૦૦ વાગ્યે અટક કરી તેમના વિરૂદ્ધ કાયદેસરની કાર્યવાહી કરેલ છે. જે નારોલ પોલીસ સ્ટેશનની પોલીસ દ્વારા છેલ્લા બે વર્ષથી પોલીસ પકડથી ભાગતા ફરતા આરોપીને પકડી પાડી સરાહનીય કામગીરી કરવામાં આવેલ છે.

કામગીરી કરનાર અધિકારી કર્મચારી :-

એસ.એ.ગોહિલ પોલીસ ઇન્સપેક્ટર નારોલ પોલીસ સ્ટેશન

જે.એસ.ચૌધરી વ.પો.સ.ઇ. સર્વેલન્સ સ્કોડ નારોલ પો.સ્ટે.

અ.હે.કો. હસમુખ ભાનુભાઇ બ.નં. તથા અ.પો.કો. વિરેન્દ્રસિંહ રૂપસિંહ બ.નં. ૯૯૩૪ તથા અ,પો,કો. મહેશકુમાર બાબુલાલ બ.નં. તથા અ.પો.કો. ગોવિંદસિંહ દીલીપસિંહ બ.નં. તથા અ.પો.કો. કાનાભાઇ સુરાભાઇ બ.નં. તથા અ.લો.ર જીતેન્દ્રસિંહ લાખુભા

આરોપીનો ફોટો :-



**નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૪૬૧/૨૦૨૦**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૬ કેસ કરી, ૪૨ વ્યક્તિઓને ઝડપી, ૨૪૭ લીટર દેશી દારૂ, ૮૪ બોટલ ઈંગ્લીશ દારૂ, ૧૩૪૪ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૧૦ બિયર ટીન, ૧ મોટર સાયકલ, ૨ સ્કૂટર અને ૧ કાર કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૬ કેસ કરી ૧૭ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૪૫,૪૫૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૪૬૨/૨૦૨૦**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૧૧૧ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી. ૯૩ મુજબ ૧૩ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

**ઘરફોડઃ-** **સમાચાર યાદી નં.૧૪૬૩/૨૦૨૦**

**શાહીબાગઃ** નરેશભાઇ વેચાતજી ઠાકોર (રહે. કનૈયાલાલ જીજીભાઇની ચાલી, ખોડીદાસની નવી ચાલી સામે અસારવા શાહીબાગ) એ શાહીબાગ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૮/૦૮/૨૦૨૦ કલાક ૦૦/૦૦ થી ૬/૩૦ વાગ્યા દરમ્યાન પોતાના ઘરમાં અજાણી વ્યક્તિ પ્રવેશ કરી ઘરમાંથી ત્રણ મોબાઈલ ફોન અને રોકડ રૂપિયા ૮૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૧,૦૫,૦૦૦/- તેમજ જરૂરી કાગળોની ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી આર.પી.ડાભી ચલાવે છે.

**ચોરીઃ-** **સમાચાર યાદી નં.૧૪૬૪/૨૦૨૦**

**એલીસબ્રિજઃ** રાહુલભાઇ રમેશચન્દ્ર પરીખ (ઉ.વ.૩૧) (રહે. સ્વસ્તિક બંગ્લોઝ રાયપુરમીલ કંપાઉન્ડ સરસપુર) તા.૨૮/૦૮/૨૦૨૦ સાજના ૫/૪૫ વાગ્યાના સુમારે ઇન્ડર રેસીડેન્સીથી કલગી ચાર રસ્તા વચ્ચે આવેલ ટી.સી.રેસ્ટોરન્ટ પાસે આવેલ પાનના ગલ્લા આગળ એક્ટીવા પાર્ક કરી ગલ્લે ગયા હતા દરમ્યાન એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ એક્ટીવાની ડેકી ખોલી ડેકીમાંથી રોકડ રૂપિયા ૫,૦૦,૦૦૦/- ચોરી કરી લઇ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ રાહુલભાઈ પરીખે **એલીસબ્રિજ** પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી આર.બી.વિહોલ ચલાવે છે.

**વાહન ચોરીઃ-** **સમાચાર યાદી નં.૧૪૬૫/૨૦૨૦**

**નિકોલઃ** ભાવેશભાઇ જયંતિલાલ ઠકકર (રહે. સત્તાધારનગર વિભાગ-૧ ખોડીયારનગર નિકોલ) એ તા.૨૬/૦૮/૨૦૨૦ રાતના ૧૦/૦૦ વાગે રહેણાંક નજીક પોતાની ઇકો ગાડી નંબર જીજે ૨૭ એ.એચ. ૯૮૫૮ કિમત રૂપિયા ૨,૦૦,૦૦૦/- પાર્ક કરી હતી. જેની ચોરી તા.૨૭/૦૮/૨૦૨૦ કલાક ૬/૦૦ વાગ્યા પહેલા થઈ હતી. આ અંગેની ફરીયાદ ભાવેશભાઇ ઠકકરે તા.૨૮/૦૮/૨૦૨૦ નારોજ નિકોલ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ વુ.પો.સ.ઇ.શ્રી કે.ડી હડિયા ચલાવે છે.

**વાહન અકસ્માતમાં મૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૧૪૬૬/૨૦૨૦**

**“જે” ટ્રાફીક પોલીસ સ્ટેશનઃ** રાજુભાઈ મોતીભાઈ રબારી (ઉ.વ.૩૫) (રહે.દિન દયાલ આવાસ યોજનાના મકાનમાં વિવેકાનંદનગર) તા.૨૮/૦૮/૨૦૨૦ રાતના ૯/૪૫ વાગ્યાના સુમારે નિરમા એ.એમ.ટી.એસ.બસ સ્ટેન્ડ નજીકથી રિક્ષા ચલાવી પસાર થઈ રહ્યા હતા ત્યારે એસ.ટી.બસ નંબર જીજે ૧૮ ઝેડ ૬૩૭૬ ના ચાલકે બસ પુરઝડપે અને બેદરકારીથી ચલાવી રિક્ષાને ટક્કર મારતા રાજુભાઈને ગંભીર ઈજાઓ થતા તેમનુ સ્થળ ઉપર મૃત્યુ નિપજયું હતુ. આ અંગેની ફરીયાદ મૃત્યુ પામનાર રાજુભાઈના ભાઈ લાલાભાઈ રબારીએ “જે” ટ્રાફીક પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી વાય.એસ.સિસોદીયા ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૧૪૬૭/૨૦૨૦**

**સોલા હાઈકોર્ટઃ** ધૃવીબહેન ડો/ઓ પ્રફુલભાઇ જયસ્વાલ (ઉ.વ.૧૬) (રહે શ્રીનાથ નિરંજનનગર સોસાયટી જનતાનગર ફાટક પાસે ઘાટલોડીયા) એ અગમ્ય કારણસર તા.૨૭/૦૮/૨૦૨૦ રાતના ૯/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખાના હુકમાં દુપટ્ટો બાંધી ગળેફાસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે સોલા હાઈકોર્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી વી.કે.મકવાણા ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી